વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૭ : અંક - ૧૧ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જૂન ૬, ૨૦૧૯

# ધોમધગતા આગનો ગોળો વરસે છે...

જળ-વાયુ પરિવર્તનથી દુનિયાભરમાં વાતાવરણમાં ભયંકર બદલાવો આપણે અનુભવી રહયા છીએ. એમાં આ વખતની કાળઝાળ ગરમીએ તો માઝા મૂકી છે. દરેક વખતનો ઉનાળો ગયા વર્ષના ઉનાળાને સારો કહેવડાવે છે કારણ કે, દર વર્ષે ઉનાળામાં તાપમાન નવા રેકર્ડ સર્જી રહયું છે.. પણ, આપણે માણસો સુધરવાનું નામ જ નથી લેતાંને! સ્વાર્થી બની ને યલ્લો એલર્ટ- ઓરેન્જ એલર્ટ- રેડ એલર્ટ... કેટલાંય એલર્ટ ને ઘોળીને પી જઈએ છીએ. આ તાપમાનની અસર ગરીબ, શ્રમજીવીઓના કામ પર, તેમનાં આરોગ્ય પર તેમનાં કુટુંબ પર, તેમનાં પશુધન પર, તેમની આવક પર પડે છે જે તેમના શરીરની ખાલ ઉતરડી દે તેવી હોય છે. તેમને ત્રાહિમામ્ પોકારી દે છે. આ વખતનો 'અનસૂયા'નો અંક તે શ્રમજીવી પર આ ધગધગતા અગનગોળા એ જે ધનધનાટી બોલાવી છે. અને તેની અસર જે થઈ રહી છે તેના ઉપર છે.

- મનાલી

## નવી સરકાર અને મેનીફેસ્ટો

નવી સરકાર આવી તેમનું આગમન આપણને અશાસ્પદ રહેશે તેવી આશા છે. ચૂંટણી પહેલાં ગરીબ-શ્રમજીવી બહેનોની માંગ તથા જરૂરિયાતોને લક્ષમાં રાખીને રાજકીય પક્ષો ને બંધારણીય હક્કો ના પરિપેક્ષમાં આવેદનપત્ર તથા મેનીફેસ્ટો/ઢંઢેરો આપણે 'સેવા'એ આપ્યો છે. આની સાથે બધા રાજકીય પક્ષ સહમત જ હતાં. નવી સરકાર સાથે એ મેનીફેસ્ટો ને કાર્યાન્વિત થવા આપણે આગળ વધીશું.

❑

# તોબા તોબા ગરમી

સુમિત્રાબહેન કહે છે, તોબા, તોબા, ગરમી એ તો માજા મૂકી બહેન મારી ૬૦ વર્ષની ઉંમરમાં આટલો તાપ-તડકો જોયો નો હતો. ફેક્ટરીમાં રૂ સાફ કરવા જાઉં છું. ફેક્ટરીમાં અમે ૧૦ બહેનો કામ કરીએ છીએ. આ ગરમીએ તો અમને માંદા કરી નાખ્યા. અમારું કામ માંદા થઇએ તેવું જ છે. રૂ માંથી રજકણ મારા ગળામાં જાય છે નેં ગળુ બેસી જાય છે. રૂની પણ ગરમી હોય ને! અમારા નસીબમાં એવા કઠીણ કામ કરવાના પંખાની સાહયબી ક્યાંથી હોય? અને હોય તોય માલિક ચલાવવા ના દે! કારણ, રૂ પંખેથી વધારે ઉડે, રૂની ગરમી તો પાછી જુદી. આખો દિવસ ઉભા-ઉભા કામ કરવાનું. અમને શરીરમાં ગરમી થાય, ચામડી તો લાલચોળ ફોડલાથી ભરાઇ જાય. રજકણ ફેફસા સુધી પહોંચે એટલે શ્વાસ ચડે. ફેક્ટરીમાં ઉપર પતરાં હોય એટલે ડબલ ગરમી લાગે. અમને ઝાડા-ઉલટી થઇ જાય, બી.પી. વધી જાય, ને આ વખતની ગરમી તો જાણે, જીવ લેવા આવી છે! મહિનાનાં ૩૦ દિવસ કામ કરવા વાળી બહેનો માંડ ૧૫ દિવસ કામ કરે છે. ગરમીએ અમને માંદા પાડી દીધા છે.વારંવાર ગરમીના લીધે બિમારીઓ આવી જાય છે અને કામમાં માર પડે છે.

જુદી જુદી ચાલીઓમાં જુદા જુદા બહેનો ને મળી તેમાં મંજુલાબહેન કહે, બેન, ગરમીના કારણે ચક્કર આવે છે, આંખે દેખાતું નથી, બી.પી. વધી જાય છે, રોડ પર ચાલતાં હોય ત્યાં ડામરના રોડ એવા તપેલા હોય છે કે, જાણે તેમાંથી વરાળ નિકળતી હોય તેવું લાગે છે, જેનાથી તાવ આવી જાય છે. બેભાન થઈ જવાય છે અને શરીર તો પાણી-પાણી થઇ જાય છે. ગરમીમાં બાળકોને શરીરમાં ફોલ્લા પડે છે. અને ગુમડા પણ થાય છે. પહેલાં આરોગ્ય કેન્દ્રમાં ગુલાબી પાઉડર આપતા તો મટી જતાં. હાલ તો, એવી દવા આપતા નથી ખાલી ગોળીઓ આપે છે એની અસર જલદી થતી નથી અને ઘરમાં એક બાળકને થાય પછી બીજા બાળકોને ચેપ લાગે અને બાળકો સહન પણ કરી શકતાં નથી. અગરબત્તીમાં કામ કરવા બહેનો શેડ નીચે કામ કરે છે. જેમા તેમને ખાસ કાચા માલનું વજન કરવાનું, વજન કરતી વખતે પંખા ચાલુ નહી રાખવાના એટલે તો જે તૈયાર કરેલો મેદો હોય તેમાં જે બધું મટીરીયલ હોય છે તેનાથી પણ વધારે ગરમી લાગે. હવા-ઉજાસ ન હોય અને પંખા પણ બંધ હોય. કેમ કે, પંખા નીચે રાખી વજન થાય તો વજન વધી જાય એટલે માલિક પંખા ચાલુ નથી કરવા દેતા. પેકિંગ કરતાં પ્લાસ્ટિકની પન્ની ઉડી જાય અને હવાના પારણે કામ ઓછું થાય એટલે ૪૮ ડીગ્રી ગરમી અને પાછું કારખાનાની ગરમી! બેન, ગરમીના લીધે થાક લાગે છે. બહુ હાથ પગ દુઃખે છે અને શરીરમાં ગરમી પણ થાય છે. પસીનો બહુ થાય છે તેના કારણે ફોલડીઓ થાય છે. અગરબત્તી વણતાં હાથમાં કેમીકલ લાગવાથી આંગળીઓમાં પણ ગરમી થાય છે. પાંચ વાગે છુટીએ તોય રોડ પર તો એટલો તડકો હોય કે જાણે, બપોરના ર વાગ્યા હોય. એટલી ગરમી લાગે છે અને રૂંધામણ પણ થાય, હાથમાં લાલ ધબ્બા પડી જાય. બાથરૂમ કરવા જઇએ તો બળતરા મળે છે. પસીના ના કારણે આજે જ બેન અમારી ચાલીમાં એક ભાઇ બેઠા તા ને ગેસ થયો છે અને ગભરામણ થઇ ને ત્યાં બેઠા બેઠા જ એટલ આવી ગયો! અમારા એરિયામાં રોજ એકાદ બેન અથવા ભાઇ કે બાળક ના સમાચાર તો હોય છે કે ગરમીમાં એટક આવીને મરી ગયા. એટલે આ ગરમી માણસોના શરીર પર વધારે અસર કરે છે. સાજાને સાજા માણસો પરણ પામે છે. તાવ, ઝાડા-ઉલટી, ગેસ, પેશાબમાં બળતરાં, શરીરમાંથી પાણી છુટવું આ બધુ ગરમીના કારણે વધારે જોવા મળે છે.

મંજુલાબહેન કહે, અમારા વિસ્તારમાં ઘરનું ધાબુ ભરાતું હતુ ત્યાં ૧૦ જેટલી બહેનો અને પાંચ એક ભાઇઓ કામ કરતાં હતાં, ત્યારે બરોબર ૧ વાગેલો એટલે તો માંથા પર જ તડકો અને એ બહેનો જે કામ કરતી હતી મેં જોયું તો મારા તો મોઢામાંથી નીકળી ગયું, ‘ધન છે’ આ બહેનોને માથા પર તાપ અને સિમેન્ટ-રેતી સાથે દોસ્તી કરી કેવા તગારા ઉલાળે છે, અને વળી જે માલ બધો પોહળો કરવા વાળા બહેન તો બે હાથે લોખંડના દાંતીયા વડે વાકાને વાકા નમીને તેમના કામમાં માલ પોહળો કરવામાં મશગુલ હતી. નીચે એક બેન રેતીના તગારા ઉપાડતી બેનો પોતાનાં હાથે બતાવતાં કહે, જુઓ, આ અમારા હાથ! તો રીતસર એ બેનના હાથમાં ચાંદીઓ પડેલી હતી અને લાલ ઘુમ હતાં. એમના સાથીદાર બહેનને બતાવી ને કહે કે, બહેનોને તો મારા કરતાં વધારે પગમાં ચાંદા પડયા છે. શરીર બળી જાય છે એટલે તો સાડીઓ ઉપર શર્ટ પહેરીએ છીએ અને માથા પર દુપટ્ટા બાંધીએ છીએ. શું કરીએ? આ કામ ના કરીએ તો ઘરે છોકરાઓને શું ખવડાવીએ ? અમે વાતો કરતાં હતા એમાં એક બેન તો બેભાન થઇ ગયા તેમને છાંયડામાં સુવડાવી દીધા અને લીબુ શરબત પીવડાવી આરામ કરાવ્યો ને માથા પર ઠંડા પાણીના પોતા મુકયા પછી પાછા એ બેન કામે ચાલુ થઇ ગયા! કેવું કહેવાય? આટલી ગરમીમાં લોકો એસીમાંથી બહાર નીકળતા નથી અને આવા મજુરો તેમના આરોગ્યની પરવા કર્યા વગર કામ ને જ પ્રાયોરીટી આપે છે. તેનું મૂળ કારણ મોંઘવારી સાંજે ચુલો કેમ સળગાવે?

- રમીલા

❑

# ગરમી, કામ, રોજા...

મેં જુમ્મન આપા ને પૂછયું કે, ગરમી કેવી છે? જુમ્મન આપા એ કહયું, એમાં રમજાન મહિનો, મુસ્લીમ લોકો રોજા કરે અને ઘરનું કામ-કાજ કરે સાથે રોજગારી પણ કરે છે! આ

વખતની ગરમી એટલી બધી પડી છે કે ૧૦ વાગ્યા સુધીમાં માણસ આકળ-વીકળ થઇ જાય છે ગરમીથી માથાનો દુઃખાવો અને ચક્કર આવે છે. રોજા કરીને સિલાઇ કામ કરીએ પણ બપોરે તો ઘરમાં ઊભું નહીં રહેવાતું. પંખાની હવા પણ ગરમ આવે, લૂ લાગી જાય છે. સિલાઇ કામ દિવસે થતું નથી, તો અમે રાત્રે ૧૦ વાગ્યાથી ૧૨.૩૦ વાગ્યા સુધી અને પરોઢિયે ૪ વાગ્યાથી સવારે ૮ વાગ્યા સુધી સવારે નમાઝ પઢીને વચ્ચે છોકરાઓ ઉઠે એમને ચા-નાસ્તો કરાવીને અમે કામ કરીએ છીએ. રાત્રે ૨ કલાક અને સવારે વહેલા ૨ કલાકમાં અમે રોજી કમાઇ લઇએ છીએ. હાલમાં સિલાઇમાં મંદી ચાલે છે. રોજે-રોજ કામ મળતું નથી. અઠવાડિયે ૧ વખતે ૩ ડઝન માલ મળે એમા કામ કરવાનું. એક તરફ ગરમી આટલી બધી કે રહેવાનું નથી ગરમીથી બી.પી. વધી જાય છે, કામ કરતાં ચક્કર આવે તો પડી પણ જઇએ છે. જે લોકોના ઘરોમાં એ.સી. છે છતાં એ લોકો પણ બુમો પાડે છે કે, એ.સી. પણ કામ કરતું નથી તો અમારા જેવા ગરીબ માણસો એ.સી. કે કુલર ક્યાંથી લાવે? પંખા જ માંડ-માંડ ચલાવીએ. એમાં, લાઇટનું મીટર પણ સડસડાટ ઉપર જાય છે. ગરમી તો દિવસે-દિવસે વધતી રહે છે. અમારા ઘરવાળા, છોકરાઓ આવી ગરમીમાં મજુરી કામ કરવા જાય છે. ટ્રાન્સપોર્ટમાં ગાડીઓ ખાલી કરવાની અને માલ ભરવાનું કામ કરે છે. બે-ચાર દિવસ પહેલા દીકરો માલ ઉપાડતા ગરમીથી ચક્કર આવ્યા અને પડી ગયો. શુકર છે કે, માથામાં વધારે વાગ્યું નથી, પગ અને હાથ છોલાઇ ગયા હતા. અઠવાડિયે ઘરે રહેવું પડ્યું. દવાનો પણ ખર્ચ વધારાનો થયો. અમારે તો રમજાન મહિનામાં રોજાનું ખર્ચ પણ હોય જને! એમાં, અમારા ઘરની રોજગારી અને છોકરાઓની રોજગારી, પણ આ ગરમી ના લીધે ઓછી થઇ ગઇ છે જેથી ઘર ચલાવવું ખૂબ મુશ્કીલ થઇ ગયું છે.

બાજુમાં ફીરોજાબાનુ અને ફરજાનાબાનુ બેઠા હતા. ફીરોજાબાનુ કહે, બાપ રે આ ગરમી તો માણસોનો જીવ લઇ લે એવી છે. બે દિવસ પહેલા ગરમીના કારણે મને ચક્કર આવી અચાનક ખેંચ ચાલુ થઇ ગઇ હતી અને ૧૦૮ બોલાવી ને સોલા સિવિલમાં લઇ ગયા. બે દિવસ રાખી પછી રજા આપી.

ફરજાનાબાનુ કહે, આટલી ગરમીમાં રોજા રાખી નથી શકતા કેમ કે, શરીરમાં પાણી ખલાસ થઇ જાય છે તેથી આખો દિવસ માથે અને પગ ઉપર પાણીના પોતા મુકુ છું. ગરમીએ તો તોબા-તોબા કરી નાખ્યા છે આગળ શું થશે?

**- જૈતૂન**

મુખ્ય સંગઠક, સિલાઇ કામ

❑

# ધૂપ બડી કડી હૈ, બદન જલ રહા હૈ

મેં કડી ધૂપ મે ચલતી હૂં ઇસ યકિન કે સાથ મેં જલુગા તો ઘર મેં ઉજાલા આયેગા.ધૂપ બડી કડી હૈ, બદન જલ રહા હૈ, બહુત તકલીફ જરૂર હૈ, ઘર ચલ રહા હૈ! આ શબ્દો છે ગોમતીપુર જીવરામ ભટ્ટની ચાલીમાં રહેતા કાગળ વિણનાર સુનંદાબહેનના.

અંજનાબહેન અને મધુબહેન કહે, શિયાળાનાં સમયમાં કામ ઓછુ અને સમય વધારે હોય છે. આ સિઝનમાં કામ પણ કરી શકીએ, વજન પણ વધારે ઉચકી શકીએ, તરસ નથી લાગતી, થાક નથી લાગતો. શિયાળાની સિઝનમાં ૪ વાગ્યા સુધી કામ કરી શકીએ છીએ, તેમાં પણ રોજના ૩૦૦થી ૪૦૦ રૂ. સુધીનું કામ થતું હોય છે. કોઇ પ્રસંગ કે બિમાર હોય તો જ ઘરે રહીએ.

જ્યારે ઉનાળાની સિઝનમાં કામ વધારે મળે. પાણીની બોટલ, સોડાની બોટલ, બોક્ષ, પૂઠા વગેરે મળે છે, પણ ગરમી અને થાકના કારણે વધારે કામ નથી થઇ શકતું. ઉનાળામાં ૧-૨ વાગ્યા સુધી કામ કરાય. ગરમીમાં વજન વધારે ઉપાડી ના શકાય, તરસ વધારે લાગે, ચક્કર આવે, ઝાડા-ઉલટી, બી.પી. વધઘટ થાય, ચપ્પલ પહેરેલા હોય તો પણ પગના તળિયા બળે. ઘણી વાર ચપ્પલ તૂટી જાય તો અલગ-અલગ પણ પહેરી લઇએ ને છાયા નીચે ઘડીક વાર બેસી જઇએ. ક્યાંક પાણી મળી જાય તો પી લઇએ.

૩-૪ દિવસ પહેલા કોઇ સંસ્થાના લોકોએ માથે પહેરવા ટોપી આપી હતી, કાગળ વિણનાર બહેનો અને શાકભાજી વેચનારાને છત્રીઓ પણ આપી હતી.

મરીયમબીબીની ચાલીમાં રહેતાં વકાર મિસ્બાઉલહક અન્સારી જેમની ઉંમર ૨૫ વર્ષની છે. તેઓ ઘી કાંટા માર્કેમાં સિલાઇ કામ કરવા જાય છે. સવારે ૧૦થી રાતના ૮ વાગ્યા સુધી કામ કરે છે. તે સાયકલ લઇને માર્કેટમાં જાય છે. અત્યારે ઉનાળાના કારણે ઘી કાંટા માર્કેટમાં 'શટલ રીક્ષા'માં જાય છે. પહેલા દિવસના ૨૫૦ રૂ.નું કામ કરી લેતા હતા, પરંતુ હવે આ ગરમીના કારણે વધારે કામ નથી કરી શકતા. કેમ કે, વધુ તાપને લીધે તેમનું ડાયાબીટીસમાં વધઘટ થાય, ચક્કર, બ્લડ પ્રેશર પણ ઓછું થઇ જાય છે. ખૂબ જ થાક લાગે છે. વારંવાર ચાલુ કામ પરથી ઉભા થવું પડે છે અને સળંગ કામ કરી શકતા નથી, વળી કારખાનું પતરાવાળું હોવાના કારણે ગરમી ખૂબ જ લાગે છે. અત્યારે રમઝાન મહિનો હોવાથી રોઝા રાખે તેનાથી પણ વધારે કામ થતા નથી. માર્કેટ અવર-જવરમાં કેટલી વાર એમને લૂ પણ લાગેલી છે, જેનાથી એમને મહિનામાં ૪-૫ રજાઓ પડે છે તેથી આવકમાં પણ ઘટાડો થાય છે.

**- સોફિયા**

❑

**અમદાવાદ, ગાંધીનગર, આણંદ, કચ્છ, બોડેલી, બનાસકાંઠા, અરવલ્લી, મહેસાણા, સુરેન્દ્રનગર જિલ્લામા આગેવાનો/કાર્યકર્તાઓનાં ગરમી પર અહેવાલ:**

# અ ધ ધ ધ... બાપ રે, ગરમીએ તો માજા મૂકી !

અ ધ ધ ધ... બાપ રે , ગરમીએ તો માજા મૂકી, છેલ્લા કેટલાય સમયથી ગરમીનો પારો વધતો જ જાય છે, ગરમી હોય કે કુદરતી આફત સમયે વધારે નુકશાન તેની અસરો તો શ્રમજીવીના જીવન પર જ વધારે થાય છે.

હાલની અતિશય ગરમીના કારણે ખેતરના પાકને નુકશાન થાય છે, જેને કારણે બેનોને મજુરીનું કામ પણ ઓછું મળે છે, સાથે જ ગામમાં પીવાના પાણીની તંગી પણ એટલી જ છે. બે-ત્રણ દિવસે પાણી જોવા મળે, અતિશય ગરમીના કારણે બેનોની સીધી રોજગારી પર અસર પડે છે, ખેતરના પાકો સાવ સુકાઈ ગયા હોય ત્યાં રોજગારી શેની ?

શાકભાજીમાં પણ એટલું જ નુકશાન, ગવાર, ભીંડા, કાકડી, દુધી ગરમીના કારણે નરમ થઇ જાય છે, બજારમાં ભાવ ઓછા મળે એટલે ખેડૂત તો નિરાશ થઇ જાય, ટેન્શન પણ થઇ જાય કે મારી મહેનતના પણ મને પૈસા ના મળ્યા?

સાણોદ ગામ : ૨૫૦ થી ૩૦૦ સભ્યો 'સેવા'ના છે, આ ગામમાં શાકભાજી પુષ્કળ થાય છે. આ કપરા ઉનાળા પાણીનો અભાવ હોવાથી શાકભાજીમાં ઘણું નુકશાન થયું છે. ખેડૂતોને વાવેતર માટે પાણીનો અને બિયારણ ખર્ચ મોંઘો પડે તેથી વાવેતરમાં નુકશાન વર્તાય છે. પશુઓ ઉપર પણ ગરમીની અસર દેખાઈ રહી છે, ગાય-ભેંસ જેવા દુધાળા પશુ દૂધ ઓછું આપે છે, જેની સીધી અસર આવક પર પડે છે અને ઘર ચલાવવું તેમજ વ્યવહાર કરવા અઘરા પડે છે.

ગરમી ખૂબ પડવાના કારણે માંદગી પણ એટલી જ વધી જાય છે. હાઈ બી.પી અને લો બી.પી ની અસરો થાય છે. લગ્નની પણ સીઝન સામે અંગારા જેવી ગરમીથી ઝાડા-ઉલ્ટીની બીમારી વધી રહી છે.

સભ્યો કયાં જાય ? ડોક્ટર સલાહ આપે કે લીબુનું શરબત પીવો પણ લીબુનો ભાવ આસમાને રૂ.૪૦ થી માંડીને ૫૦ ના ૨૫૦ ગ્રામ મળે.

કોલવડા ગામના સભ્ય બેનના પતિ ભાણીયાના લગ્નમાં મામેરું લઈને ગયા હતા જલુંદ ગામમાં ત્યાં માથામાં દુખાવો અને ગભરામણ થઇ ઘરે પરત આવ્યા અને ડોક્ટર બોલાવે તે પહેલા જ એ મુત્યુ પામ્યા.

ગરમી ગરમી અતિશય ગરમીની સભ્યો પર આ અસરો પડી ?

પાણીની અછત ખૂબ છે. ભેંસો-ગાયોને પુરતું ઘાસ ના મળે જેથી દૂધ ઓછું આપે તેથી ફેટમાં પણ ઘટાડો, જેથી ભાવ ઓછો મળે છે. ગરમીના કારણે બીમારી પણ એટલી જ જોવા મળે છે. બાળકોમાં તાવ, ઝાડા-ઉલ્ટી, શરીરે નાની નાની ફોડલીઓ થઇ જાય છે. ગામમાં જઈએ તો બેન હજુ તો તાંબા વરણી જમીન થશે, જમીન પર પગ નહી મૂકી શકાય, અમારી માં અમને આવું કહેતી, આ ઘરડા (માનવીઓની) અગમચેતી કહેવાય.

**- તારા**
ગાંધીનગર જીલ્લો

❑

ચેખલા ગામની, બહેનો સવારે મજુરીએ જુવાર વાઢવા જાય. ૨ કે ૩ કિલો મીટર ચાલીને આવવા જવાનું. જેથી બપોરે ૧૨ વાગ્યે પાછા આવે ત્યારે એટલી સખત ગરમીમાં ચપ્પલ પહેરેલા હોય તો પણ પગ બળી જાય અને ઘેર આવીને પાણી એટલુ પીવે કે જમવાનું નામ નહી ને સૂઇ જાય. ઘરમાં પંખા હોય પણ તાપને લીધે ગરમ હવા આવે, થાકેલા હોય એટલે ઉંઘે ચડીએ. અત્યારે ચોમાસા પહેલા લાકડાં ભેગા કરવાના ઉનાળુ શાકભાજી કર્યા હોય એટલે સવારે શાકભાજી ચૂંટવા જવાનું. રોજી મેળવવા જવું તો પડે ને!

જિલ્લામાં તાલીમ રાખેલી જેમા ઘણા બહેનોએ ભાગ લીધો. એક બહેન આવ્યા એટલા બિમાર પડી ગયા કે, તાત્કાલિક દવાખાને લઇ ગયા ને બાટલો ચઢાવ્યો.

અત્યારે નરેગાનું કામ અમદાવાદ જિલ્લામાં ચાલે છે જ્યાં આપણા સભ્ય મખીયાવ ગામના ૫૫ સભ્યો ૧૯૬રૂ.ના રોજ પર સવારના ૭થી ૧૨ વાગ્યા સુધી કરે છે. તેઓ કહે, ક્યાય છાયડો હોતો નથી અને ગરમીનું પ્રમાણ બહુ વધી ગયું છે. ચામડી કાળી પડી જાય છે. માથે ઓઢેલું રાખવું પડે છે, પગ બળી જાય છે જાણે અગ્નિમાં પગ મૂકતાં હોય એવું લાગે છે.

**— ચંદ્રિકા પટેલ**
અમદાવાદ જીલ્લા

❑

# આ કેનાલનો શું અરથ ?

રોજગારી — ગરમીના કારણે મે માસથી રોજગારીમાં ઘટાડો થયો છે.

ખેતમજૂર બેનોને ગરમીના કારણે ખેતરમાં આ માસમાં કામ ન હોવાથી રોજગાર મળતો નથી, (મહિ સિંચાઈ) કેનાલમાં અત્યારે પાણી નથી અને કેનાલની સફાઈ ચાલે છે. જેથી ખેતીમાં પાણીની અછત પડે છે. જેથી ખેતરમાં બાજરીના વાવેતરમાં ડુંડા ભરાવદાર દાણા નથી અને ડુંડા પોચા પડી ગયા છે.

શાકભાજી- વેલા વાળા શાકભાજી ગરમીના કારણે બફાઈ જાય છે. અને પાણી વગર સુકા પડી જાય છે.

આવક—ગરમીના કારણે કામ પુરતુ મળતું નથી અને વધુ ગરમી હોવાથી કામે જઇ શક્તા નથી, જેથી પુરતી આવક મળતી નથી.

પર્યાવરણ- આણંદથી પેટલાદથી તારાપુર નવા રોડ બને છે. આસરે ૫૦ થી ૬૦ કિલોમીટરના અંતરે રોડની આજુ બાજુની વર્ષો જૂના ઝડ કાપી કાઢવામાં આવ્યા છે. તેના કારણે તે રસ્તા ઉપર જતાં આવતા લોકોને લૂ લાગે છે.

તળાવ-ગામોમાં તળાવો ઊંડા કર્યા છે, પરંતુ તળાવોમાં પાણી નથી. અને જે તળાવમાં પાણી છે તેમાં ગટરની લાઇન આપેલી છે, તેમાં ગંદુ પાણી ભરેલું હોય છે.

વીજળી- ગરમીના કારણે ખેતીની લાઇટમાં પણ કાપ મુક્યો છે.

પશુપાલન-ગરમીના કારણે દૂધમાં ઘટાડો થયો છે. અને ગરમીના કારણે પશુઓને બહાર ખેતરોમાં ચરાવવા માટે લઈ જઇ શકાતા નથી. ગરમીના કારણે ઘાસચારો પશુઓને ઘાસચારો ખાવાથી પશુ ઓને મેણો ચઢે છે, અને પશુ ઓ બીમાર પડે છે.

આરોગ્ય-ગરમીના કારણે બેનોને ઝાડા-ઉલ્ટી થવા, લૂ લાગવી, અશક્તિ આવે, ચક્કર આવે, બી.પી.માં વધારો/ઘટાડો થાય છે, અને શરીરમાં બળતરા થાય છે તેથી બેનોના આરોગ્ય પર અસર થાય છે.

દા.ત.- આગેવાન દિનાબેન- ભડકદ ગામના સભ્ય બહેનનો દિકરો જેની ઉંમર ૧૩વર્ષ હતી તેને ગરમીના કારણે ઝાડા-ઉલ્ટી થયા હતા. તેમને દવાખાને લઇ જતા રસ્તામાં જ મુત્યુ થયુ, તેમ છતાં હોસ્પિટલ લઇ ગયા. ડૉક્ટરે તપાસ કરી તેને મૃત જાહેર કર્યો. તેના જન્મ ના દિવસે જ આ બનાવ બન્યો. ૭માં ધોરણમાં છઠ્ઠા નંબરે પાસ થયો હતો.

**- લલીતા, અલ્કા**

❑

# ત્રાહિમામ્ ગરમી

અતિશય ગરમીના કારણે ખેતમજૂર ઘરની બહાર નીકળી શકતા નથી. ગરમીથી લૂ લાગે છે. ગરમીથી બેનો બેભાન થઈ જાય છે ને વારે ઘડીએ ઝાડા-ઉલટી અને બી.પી વધી-ઘટી પણ જાય છે. ઘણી વાર ગભરામણ પણ થાય છે. શરીરમાં ખૂબ જ બળતરા થાય છે. રોજગારી પણ ઓછી થાય છે. હાલમાં બાજરી વાઢવાની ચાલતું હોવાથી સવારે ૬વાગે મજુરી એ જાય ને ૧૧ વાગે તો પાછા આવી જાય છે. ગરમીનો પ્રકોપ વધુ થવાને કારણે કામ કરી શકતા નથી.

ગરમીના કારણે સભ્યોને ચામડીના રોગો થાય છે. અળાઈ, શરીર ઉપર ચાંદા પડવા, ગુમડા નીકળે છે તેમજ ખસ અને ખોડાની બીમારી વધુ જોવા મળે છે.

ગરમીમાં પશુઓને લીલો ઘાસચારો મળતો નથી તેથી ગરમીમાં ત્રાહિમામ થઇ જાય છે. પશુઓના દુધમાં પણ ઘટાડો થાય છે. પશુઓમાં પણ ઘણી બિમારી જોવા મળે છે. પશુની ચામડી પર ચાંદા પડે છે, રૂંવાટી ખરી પડે છે.

ગરમીના કારણે પશુના ગમાણમાં પંખા ચાલુ રાખવા પડે છે. લીલા ચાદરા બાંધવા પડે છે. વારંવાર પશુ પર પાણી રેડવું પડે છે. ધંધા રોજગાર પર પણ અસર પડે છે. પાણી ના તળ પણ ઊંડા થઈ ગયા છે, ગરમીનું પ્રમાણ વધવાથી કેનાલોમાં પણ પાણી નથી રહેતું.

કચ્છ જિલ્લામાં છેલ્લા ૬ મહિનાથી દુષ્કાળની પરિસ્થિતિ છે. ઉપરથી આ ગરમીમાં પીવા લાયક પાણી છેવાડાના ગામોમાં એકાંતરે મળે, અને પશુઓને પીવાના પાણી ને ઘાસચારો પ્રમાણમાં નથી જડતું.

દુષ્કાળ અને ગરમીના કારણે મનરેગા ના માટી કામ કરવા જાય તો માટી પણ પૂરી ના ખોદી શકે અને પવન પણ વધારે હોવાથી લૂ લાગે. બી.પી. વધઘટ થાય ને ઝાડા-ઉલ્ટી થાય જેથી આવક પણ પૂરી ના મળે. ૧૧ વાગ્યા પછી તો શરીર બળતું હોય તેવું ને ચામડી પર ફોડલા થઇ જાય. કામ કરતાં ચક્કર આવી જાય ને બેભાન થઇ જાય. ઘણા સભ્ય બહેનોના બાળકોને અછબડા નિકળે ને ત્યારબાદ કમળો થઇ જાય છે. એક બાજુ રોજગારી ઓછી ને દવાખાના ના ખર્ચા વધી ગયા છે. ઘરના સભ્યો પણ બપોરના સમયે બહાર નિકળવાનું ટાળે, તેમાં પણ ઘરમાં લાઇટબીલ પણ વધારે આવે ને ઠંડા પીણા જે સભ્યો વેચે છે તેમની પણ આવક ઓછી થઇ છે. ગરમીના કારણે પશુઓનું દુધ પણ ઓછું થઇ ગયું છે.

**- ગીતા સીતાપરા**
**કચ્છ જિલ્લો**

❑

# ભિષણ ગરમી

આ વખતે આપણા સભ્યો પર ગરમીની ભીષણ અસર છે. બોડેલી જિલ્લામાં ખાસ એજ કે, હાલ બહેનોની રોજગારી બંધ છે. સવારથી જ તાપ શરું થઇ જતો હોવાથી ખેતરે પણ જઈ શકતા નથી. આથી બહેનોને આવતી નવી સીઝનની તૈયારી કરવામાં તકલીફ પડે છે. જો ખેતરમાં કામ કરવા જાય તો બીમારીનો ભોગ બને છે. આમ કામ પર ન જવાય તો રોજગારીનો પ્રશ્ન ઉભો થાય છે. શરીરને ખોરાકની જરૂર પડે દવાની જરૂર પડે છે. ઘરમાં જ રહીને જો પશુપાલનનું કામ કરે તો પશુઓના ઘાસચારા પણ નથી મળતા. એક પુળાના રૂ.૧૫/- મુજબ ઘાસચારો મળે છે. ખેતરમાં કે ગૌચરમાં ગરમીમાં પશુ ચરાવવા જવાતું નથી. પશુને બરાબર ખોરાક ન મળવાથી દૂધ પર અસર પડે છે. આથી આવક ઓછી

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

## વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે બેંકની ૪૫મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૧-૦૬-૨૦૧૯, શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે, ટાઉનહોલ, એલિસબ્રિજ, અમદાવાદ-૬ મુકામે નીચેના કામકાજ માટે મળશે, જેમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

**'કાર્યસૂચિ'**

૧) તા. ૨૮-૬-૨૦૧૮ના રોજ મફેલ ચુંબેંલીસમી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

૨) તા. ૩૧-૩-૨૦૧૯ના રોજ પુરા થતાં વર્ષ માટે બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી મંજૂર કરેલ વાર્ષિક કામકાજનો અહેવાલ, બેંકના ઓડિટ થયેલા હિસાબો (સરવૈયું તથા નફા-નુકશાન ખાતું) મંજૂર કરવા બાબત.

૩) બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે કરેલ ભલામણ મુજબ નફાની વહેચણી તથા ડિવિડન્ડ જાહેર કરવા બાબત.

૪) સને ૨૦૧૮-૨૦૧૯ ના હિસાબો ઑડિટર્સે તપાસી ઓડિટ રિપોર્ટ મોકલેલ છે તેની નોંધ લેવા બાબત.

૫) સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ માટે બેંકના હિસાબો તપાસવા ઑડિટર્સની નિમણુંક કરવા તથા તેમનું મહેનતાણું નક્કી કરવા બાબત.

૬) ચેરમેનશ્રી તરફથી અગર તેઓશ્રીની સંમતિથી જે કોઈ કામ રજૂ થાય તે ઉપર વિચારણા કરી ઘટતું કરવા બાબત.

CA જયશ્રી વ્યાસ
તા. ૩-૬-૨૦૧૯ મેનેજીંગ ડિરેક્ટર
અમદાવાદ. બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સૂચનાથી.

નોંધઃ-

૧. કોરમનાં અભાવે મુલતવી રહેલ સભા તે જ દિવસે અડધા કલાક બાદ તે જ સ્થફે તે જ કામો કરવા માટે મફશે, જે કાયદેસર ગણાશે.

૨. જે સભાસદોને બેંકના સરવૈયા તથા નફા-નુકશાનનાં હિસાબો બાબતમાં વધુ માહિતીની જરૂર હોય તેમણે સભાની તારીખનાં સાત દિવસ અગાઉ બેંકને લેખિત માંગણી મોકલી આપવા વિનંતી છે, જેની સભામાં માહિતી પૂરી પાડી શકાય.

સભાસદો જોગ અગત્યની સુચનાઃ જે સભાસદનું છેલ્લા ત્રણ વર્ષનું ડિવિડન્ડ બાકી હોય તેઓએ બેંકમાં રૂબરૂ આવીને લઈ જવા વિનંતી.

થાય છે. સાથે સાથે પાણીની પણ અછત છે. ગામોમાં ત્રીજા દિવસે પંચાયતનું પાણી આવે છે.

**- પૂર્ણિમા**

બોડેલી જિલ્લો

❑

## ગરમીથી સ્થળાંતર, પશુધન પર અસર

બનાસકાઠાં જિલ્લાના રાધનપુર તાલુકામાં ગરમીના લીધે પશુમાં દુધનું પ્રમાણ ૪૦% ઘટ્યું, જેનાથી આવક ઘટી ગઈ છે. ગરમીના લીધે મજુરી ઘટી છે ને આખો દિવસ કામ નથી કરી શકતા, તેનાથી આવક ઓછી થઇ. લૂ લાગવાથી ઝાડા-ઉલ્ટી, તાવ, ચક્કર અને અછબડા જેવી બીમારીની વધુ પ્રમાણમાં અસર થઇ છે. ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના ને બી.પી., છાતીમાં દુઃખાવો (એટેક)ની તકલીફ વધી ગઇ છે. પાણી, રોજગારી અને ઘાસચારાની તંગી ને કારણે લોકો સ્થળાંતર કરે છે.

ખેડૂતો ખેતર ખેડવાનું કામ આખો દિવસ નથી કરી શકતા. વધુ તાપને લીધે જમીન કડક થઇ ગઈ હોવાથી ટ્રેક્ટરથી ખેડવાના કલાકો વધી જાય છે પૈસા વધારે ચુકવવા પડે છે. ગામોમાં ઘાસચારાની તંગીને પશુને વેચી દીધા છે. ઢોરવાડામાં મૂક્યા છે. પશુને બેસવા છાંયડો નથી. ઘાસ દાણમોઘું થયું છે, છતાય મળતું નથી.

**- મુમતાજ, સાયરા, કોકિલા**

બનાસકાંઠા-પાટણ જિલ્લો

અરવલ્લી તાલુકામાં વરસાદ ઓછો પડવાથી પીવાના પાણીની ખૂબ જ તંગી વર્તાય છે. ખેતીમાં તો વાત જ ના થાય! પાણી વિના ખેતી થઇ શકે નહિ.

વરસાદ ઓછો પડવાથી આજુ-બાજુ વાંઘા, કોતર, તળાવ, બધા બધા સુકા હોય, ખાલી હોય ખેતરો સુકા રણ જેવા લાગે. આજુબાજુ ક્યાંય લીલોતરી ના હોય, પાણી ના હોય ત્યારે વાતાવરણ પર અસર થાય, વાતાવરણ બદલાય આ બાબતે ગરમી ખુબ પડે છે. હકીકત ડીગ્રી કરતા વધારે ગરમી પડે છે. ૪૫ થી ૪૭ ડીગ્રી જેટલું તાપમાન રહે છે. સવારે ૧૧.૦૦ વાગ્યાથી ઉનાળા ની અસર જણાય છે. તો પાંચ વાગ્યા સુધી સતત ગરમી પડે છે. ગરમીના કારણે બહાર જવાનું પણ ન થાય મોટા વ્યક્તિ તાપ સહન ન કરે બાળકોનું ગજુ જ નથી. જો કદાચ બહાર તાપમાં નીકળે બીમાર થઇ જાય. તાત્કાલિક દવાખાને લઇ જવો પડે. ગરમીના કારણે બહાર મજુરી પણ કઈ રીતે જાય. કામ પણ શું કરે?

પાણી નથી એટલે ખેતી નથી. ખેતી નથી એટલે રોજગારી નથી. ખેતરમાં પાક્યું હોય તો કોઈ દાડીયે બોલાવેને! પણ તેવું પણ નથી. અત્યારે બધા સભ્યો બેરોજગાર બેઠા છે. પોતાના ઘરમાં પણ ટકાતું નથી, પવન ગરમ ગરમ વરાળ નાખે છે જેને લૂ કહેવાય. તો રહેવાનું ક્યાં? ગરમીના કારણે પશુઓ પણ હેરાન થઇ જાય છે. પશુઓને પાણી પીવડાવવામાં, ઘાસચારો ખવડાવવામાં, પશુઓ ને છાંયડે બાંધવામાં વગેરેમાં ઘણી તકલીફ પડે છે.. આ તકલીફના કારણે દુધના પ્રમાણમાં ઘટાડો થાય છે. તેથી ગરમીના કારણે આર્થિક રીતે ફટકો પડે છે.

**- ચંદ્રિકા જયસ્વાલ**

અરવલ્લી જિલ્લો

તેવી રીતે મહેસાણા જિલ્લાના અહેવાલ જાણીએ તો, અતિશય ગરમી પડવાને કારણે લીબુના પાકમાં કુણા લીબુ પણ કરમાઈને પડી ગયા. પવનના લીધે લીબુના ફૂલ ખરી પડ્યા હતા, માંડ જે ફૂલમાંથી કુણા લીબુ તૈયાર થયા તે ગરમીના કારણે નાના લીબુમાં ખૂબ જ નુકશાન થાયું છે.

બાજરીના પાકને પણ જે ખરેખર ચારથી પાંચ કલાક પાણી આપતા તેની જગ્યાએ સાત કલાક પાણી આપવું પડે છે. અતિશય ગરમીના કારણે ભેજનો સંગ્રહ બિલકુલ રહેતો નથી. બાજરી પર જે થુલ હોવું જોઈએ તે લુહાઈ જાય છે. વીઘે ૫૦ મણ બાજરી થવી જોઈએ. તેની જગ્યાએ ૨૫થી ૩૦ મણ બાજરી થાય તેવી શક્યતા છે.

શાકભાજીમાં પણ ગરમીના કારણે ફૂલ ના બેસવાથી આવકમાં બિલકુલ ઘટાડો થયો છે. ગરમીના લીધે રોપાઓમાં પણ ગમે તેટલું પાણી પીવડાવીએ તો પણ કરમાઈ જાય છે.

**- નીરૂ સેનમા**

'વનલક્ષ્મી મંડળી'

ગણેશપુરા

સુરેન્દ્રનગર જીલ્લામાં ચાલુ વર્ષે તડકો બહુ જ પડે છે તેના લીધે ગામમાં સભ્યોને રોજગારી નો મોટો પ્રશ્ન ઉભો થયો છે, આમેય અત્યારે ખેતરોમાં કામ કાઈ જ ના હોય. જેની પાસે પિયત છે તે ખેડૂતોએ ગવાર અને તલ ઉગાડયા છે ત્યાં મજુરી કરવા પહેલા બેનો સવારે ગવાર વાઢવા જાય તો બપોરે તલ દિવસમાં બે વાર રોજગારી મળતી પણ હવે તડકાના લીધે સવારે એક જ વાર કામ પર જાય છે. બપોર પછી કોઈ કામે નથી જતા. ટીક્કર ગામના વસુબેન કહે કે, ઓછુ આવે તો ઓછુ ખાશું પણ આવા તડાકા નથી વેઠવા. એંજારના ગૌરીબહેન ગંગારામભાઈ ૬૮ વર્ષના છે એમનું કેહવું છે કે, દર વર્ષે અમે તડકો વેઠી શકતા, પણ આ વર્ષે તો સહન જ નથી થતો, કામ કરવા જવાની હિમંત જ નથી.

નરાળી ગામે સરકાર દ્વારા રાહત કામ શરુ થયા છે તેમાં ગામના લોકોને ત્રણ અઠવાડિયાનું કામ ભેગું આપી દીધું છે. બધા વેહાલા સવારે ૪ વાગ્યે ઉઠીને ૧૦ વાગ્યા સુધી કામ કરવા જાય અને પછી આવતા રહે. બાકીના ૧૦ થી ૧૨ ગામ એવા છે જ્યાં

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20 Issued by S.S.P. Valid up to 31-12-2020.**

**Ahmedabad P.S.O. 6-6-2019**

સરપંચ સાથે રહીને અમે રોજગારીના કામો માટે વાત કરી સરપંચ કહે, બેન હું કામ તો લાવું પણ, તડકાના લીધે કોઈ કામ કરવા આવતા જ નથી!

પાટડી તાલુકાના ૫૦ %થી વધારે આપણા સભ્યો બાજરી લણવા સ્થળાંતર કરી ને ડીસા અને જૂનાગઢ બાજુ ગયા છે એમનું કેહવું છે કે, ૨ મહિના તડકો વેઠી લેશું પણ બાર મહિનાની બાજરી તો આવી જશે! ત્યાં કામના બદલામાં રૂપિયા નથી આપતા પણ બાજરી આપે છે. ઘરમાં ખાવા પુરતી રાખી બીજી વેચીને ઘરની વસ્તુ લાવીએ છીએ. પશુપાલન કરતાં બેહનો પણ મહેસાણા, કડી બાજુ સ્થળાંતર કરેલ છે. સરકાર દ્વારા જે ઘાસ ડેપો ખુલ્યા છે તેમાં જે ઘાસ આપે છે તે ઢોર ખાતા નથી અને ખોળના ભાવ ૬૦ રૂ. કિલ્લોના ૧૪૦૦ રૂ. જો ખોળ ના ખવડાવે તો દૂધ દેવાનું બંધ થઇ જાય તો આવક પણ બંધ આવી પરિસ્થિતિ છે

ટૂંકમાં કહીએ તો, તડકાના લીધે લોકો પાસે ઘર ચલાવવાની તકલીફ છે તો બીજી બાજુ કામ પણ રાહત ના મળે તેમ છે પણ તડકાના લીધે કોઈ બિમાર થવાના લીધે રોજગારી હોવા છતાં કોઈ કામ પર નથી જતા. પીવાના પાણી સમયસરના આવે તો સરપંચ ટેંકર મંગાવે છે. પાણીની એટલી બધી સમસ્યા નથી પણ રોજગારીનો મોટો પ્રશ્ન ઉભો થયો છે.

અમે ગામડે જઈએ છીએ ત્યારે ગામડામાં અત્યારે કોઈ જ બહાર નીકળતું નથી અને તાલીમ-મિટિંગમાં પણ આવવા તૈયાર નથી હોતા કે, આવા તડકા-ગરમીમાં શું તાલીમ લેવી? ગામડે જવાનો સમય પણ સાંજ નો રાખવો પડશે તો જ કામ થાય એવું છે નહીતર તો સંગઠનો ને પણ બહુ જ તકલીફ પડે છે.

**- હિના દવે**
સુરેન્દ્રનગર જિલ્લો

❑

## કરીશું શું?

- ઘરની બહાર નીકળીએ ત્યારે માથું ઢાંકો, ભાઇઓ ટોપી પહેરે છે તેમ માથું ઢાંકો.
- ઘરે કામ કરતાં હોઇએ, કે કારખાનામાં કામ કરતાં હોઇએ, ત્યારે માથે ભીનો રૂમાલ મૂકો. સૂકાઇ જાય ત્યારે ફરી ભીનું કરીને મૂકો.
- માટલાનું પાણી પીતા રહો.
- સુતરાઉ કપડાં પહેરો ખાસ કરીને બ્લાઉઝ-ચણિયા, કમિઝ-સલવાર.
- પગમાં ચપ્પલ પહેરો.

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-6-2019**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001